# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925... | સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 7 • PAGES : 36 • MUMBAI • DATE : 05TH NOVEMBER 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## શ્રી રાયપુર ક.દ.ઓ. મહાજન દ્વારા પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાશુંશ્રીજી મ.સા. ની નિશ્રામાં દિવાળી મિલન





## ખામગાંવ નગરે પ.પૂ. સા. સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ ની નિશ્રામાં વારાપધર દેરાસરજીની ૧૫૯ની ધ્વજા તથા રાણપર દેરાસરની ૧૨૭મી ધ્વજાના દર્શન





## કોઠારા તિર્થે પ.પૂ. કિરણકલાશ્રીજી મ.સા.ની નિશ્રામાં જ્ઞાનપંચમીની ઉજવણી પ્રસંગે સરસ્વતી દેવીનું અનુષ્ઠાન





K.D.O STUDENTS ASSOCIATION
Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા
શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

# GAUTAM SWAMI POOJAN 28TH SEPT 2019




















**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડિટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૭**
**Date : 05-11-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

*સમય ઝડપભેર પસાર થઈ રહ્યો છે. મેં પ્રકાશ સમીક્ષાના તંત્રી તરિકે કામગીરી સંભાળી તેને ૫મી નવેમ્બર ૨૦૧૯ના રોજ એક વર્ષ પુર્ણ થયું. જ્યારે પ્રકાશ સમીક્ષા જેવા પ્રતિષ્ઠિત તથા સ્વતંત્ર જ્ઞાતિપત્રના તંત્રીપદની પડકારરૂપ જવાબદારી હાથમાં લીધી ત્યારે મને ખબર ન હતી કે આ નવી ભૂમિકાને હું કેટલો ન્યાય આપી શકીશ ? પરંતુ મારા માર્ગદર્શક – પુરોગામી શ્રી આર. આર. નાગડાએ મારામાં પૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરી, પીઠબળ પુરૂં પાડ્યું. આ પહેલા તેઓએ કે.ડી.ઓ.ના ઉગતા યુવાનોના ઈન્ટરવ્યુ લઈ તેમની સિધ્ધિઓને જ્ઞાતિ સમક્ષ પ્રસ્તુત કરવા માટે મને પ્રોત્સાહિત કરતા રહ્યા હતા. આ ઉપરાંત પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટના દરેક પદાધિકારીઓ – સભ્યોએ હંમેશા મારી સાથે રહી મારામાં વિશ્વાસ મુક્યો એનો સાભાર સ્વીકાર કરૂં છું.*

*પ્રારંભમાં હું મારા 'તંત્રી સ્થાનેથી' લખાણ બાબતે હંમેશા ચિંતિત રહેતો હતો પરંતુ આજે હું ખૂબજ ખુશ છું કે પ્રકાશ સમીક્ષાના વાચકો મારા તંત્રી સ્થાનેથી લખાયેલા લખાણોને માણે છે અને પ્રતિભાવ પણ આપે છે. જે બાબતોમાં હું વિશ્વાસ ધરાવું છું તેવી બાબતોને હું હૃદયપૂર્વક એડિટીરિયલમાં સ્થાન આપું છું.*

*ગત મહિને મને દુબઈ ખાતેના 'લીડરશીપ સેમિનાર' માં સહભાગી થવાનો મોકો મળ્યો જેમાં એક મહત્વનો વિષય હતો પ્રશિક્ષક (મેન્ટર). આપણા જીવનમાં એક કે તેથી વધુ પ્રશિક્ષકો (મેન્ટર્સ) હોઈ શકે છે (જો કાર્યક્ષેત્રો એકથી વધુ હોય તો). બાળપણમાં આપણા માતાપિતા, શાળા જીવનમાં શિક્ષકો, યુવાન વયમાં કોઈ લેખક કે નેતા આપણા પ્રશિક્ષક હોય છે. પરંતુ પરિપક્વ થયા પછી અમૂક ચોક્કસ વ્યક્તિને રોલ મોડેલ તરીકે સ્વીકારી આપણે આગળ વધીએ છીએ. મને યાદ છે કે આપણી જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેવા માટે મને સ્વ. લક્ષ્મીચંદ લાલજી રામજીએ પ્રોત્સાહિત કર્યો હતો. એ પછી મને સ્વ. પારુભાઈ ખોના તથા સ્વ. શિવજીભાઈ વિક્રમશીએ જ્ઞાતિના શૈક્ષણિક ટ્રસ્ટોમાં રસ લેવા તથા જવાબદારી સંભાળવા પ્રોત્સાહિત કર્યો હતો. તેમના માર્ગદર્શન અને પ્રોત્સાહનના કારણે હું સ્વાભાવિક રીતે જ, અજાણપણે આ પ્રવૃત્તિઓમાં સંપુર્ણ રીતે જોડાઈ ગયો. વ્યક્તિને આગળ વધવા માટેનો નકશો પૂરો પાડી તેનામાં રહેલી શક્તિને આગળ વધારવા પ્રશિક્ષકની ભૂમિકાની ખૂબજ મહત્વની છે.*

*આપણી જ્ઞાતિના અનેક સક્ષમ વડીલોએ કોઈ એક યુવા પ્રતિભાને નિખારવા પ્રશિક્ષકની ભૂમિકા અદા કરવા આગળ આવી તે યુવાનને તેના લક્ષ્ય સુધી પહોંચાડી સફળતા મેળવવા માટે માર્ગદર્શક બનવું જોઈએ જે જીવનને પરમ સંતોષ આપશે.*

*શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી મુંબઈ મહાજનની ચુંટણીઓ ટુંક સમયમાં આયોજીત થનાર છે ત્યારે પૂર્વ ટ્રસ્ટીશ્રીઓ, મહાજનના સભ્યો અને પદાધિકારીઓએ યોગ્ય વ્યક્તિઓને ચુંટણી લડવા તથા ચુટંણી પછી રોજીંદી બાબતો યોગ્ય રીતે હાથ ધરવા માર્ગદર્શક બનવું જોઈએ. તેમના અનુભવનો લાભ નવયુવાનોને આપવો જોઈએ. તેમણે કાર્ય પ્રણાલીમાં અવરોધક બનવાને બદલે ઉદ્દીપક બનવું જોઈએ જેથી ચુંટાયેલા સભ્યો તેમની પોતાની જબાવદારીઓ સારી રીતે નિભાવવા સક્ષમ બને. આ પ્રકારનું પ્રોત્સાહન તથા પીઠબળ આપણી જ્ઞાતિને નવી ઉંચાઈઓ તરફ લઈ જશે.*

**– *હિરાચંદ દંડ*, Mob.: 7738508150**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

### પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ

**મહેશભાઈ જવેરચંદ લોડાયા** - વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**
**શશીકાંત કુલિનકાંત લોડાયા** - કોચીન
મો. **93874 41909 / 88938 41909**
**હેમાંગ શાહ** - મુલુંડ, મો.: **09920646846**
**ગુલાબચંદ હિરજી છેડા** - જશાપર-સૂરત
મો.: **099985 56567**
**કિશોર કાનજી ધુલ્લા** - વડોદરા
મો.: **080001 27252**
**રાયચંદભાઈ મોમાયા** - કલીકટ
મો.: **079076 06932**

### માનદ્ પ્રતિનિધિ નીમવા છે

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

**સંપર્ક :**

હીરાચંદ દંડ - **7738508150,**
ઉદયન શાહ - **8779647886,**
ઈમેલ : **kdoprakash@gmail.com**




## અનંતસિધ્ધિ (ભાંડુપ)ના પુનર્વિકાસની યોજના

લેખક – સમીક્ષક




અનંતનાથજી ટ્રસ્ટનું વર્તમાન ટ્રસ્ટબોર્ડ જેણે ત્રણેક વર્ષ પહેલાં 'અનંતસિધ્ધિ' મિલકતના પુનર્વિકાસની યોજના માટે મોટા ઉપાડે ચક્રો ગતિમાન કર્યા હતા તેણે છેવટે એકાદ વર્ષ પહેલાં તે યોજના પડતી મૂકી છે તે સર્વવિદિત છે.

લગભગ ૨૦૧૭ના અંત સુધી ટ્રસ્ટીઓએ ટ્રસ્ટ દ્વારા જ આ પુનર્વિકાસ બધી રીતે શક્ય છે અને તે પરિપૂર્ણ થશે જ તેવો આત્મવિશ્વાસ તેઓ જ્ઞાતિજનો સમક્ષ દર્શાવતા–પોકારતા રહ્યા તે એટલે સુધી કે ભાડુતો માટેના અલગ મકાન ટાવર ઉપરાંતના બજારમાં મુક્ત વેચાણ કરી શકાય તેવા ફ્લેટો માટે તેમની પાસે ઘણા ખરીદકર્તાઓ મોજુદ છે અને બીજા પણ મળી રહેશે તેનાથી પ્રોજેક્ટના ક્રમશઃ ખર્ચ માટે કોઇ મુશ્કેલી પડશે નહીં તે મુજબનો દાવો તેઓ કરતા રહ્યા. પરંતુ ૨૦૧૮ના મધ્યમાં જ પ્રોપર્ટી માર્કેટની અવળી ગતિ અને મંદીના એંધાણ આવવા શરૂ થયા. બંધાઇ રહેલા મકાનોમાં ફ્લેટો લેવા ખરીદદારોને કોઇ ઉત્સુકતા રહી નહીં, ફક્ત આક્યુપેશન સર્ટિફિકેટ મેળવેલ તૈયાર ફ્લેટોની જ ઘરાકી નિશ્રિત બની તેવી પરિસ્થિતિ નિર્માણ થઇ. સાથે સાથે ટ્રસ્ટીઓમાં આંતરિક વિખવાદ ભાડુતો સાથે સંઘર્ષ વધતા ગયા એટલે છેવટે ટ્રસ્ટીઓને આ પ્રોજેક્ટમાં કોઇ રસ રહ્યો નહીં.

આ દરમ્યાન, ટ્રસ્ટીઓએ, ભાડુતોને ટ્રસ્ટ સાથે કરવાના સૂચિત કરારનામાનો મુસદો મોકલ્યો જેમાં ભાડુતાને નવા મકાનમાં માલિકી નહીં પરંતુ ભાડુત તરિકે જ ફ્લેટો મળશે અને તે મકાનની આંશિક જમીન, ફ્લેટો, સુવિધાઓ વિગેરેના પ્રોપર્ટી ટેક્ષ, મેઇનટેનન્સ અને ખર્ચાઓની જવાબદારી ભાડુતોએ જ અદા કરવી પડશે તેવી જોગવાઇઓ હોવાથી ભાડુતો પણ રોષિત થયા.

ટ્રસ્ટીઓએ માર્ચ ૨૦૧૮માં જાહેર ટેન્ડર દ્વારા ડેવલપરો પાસેથી ઓફરો મંગાવી તેના ફોર્મમાં તેમણે પહેલી વાર પરોક્ષપણે કબુલ કર્યું કે 'અનંતસિધ્ધિ'ની જમીનનું ટાઇટલ કાનૂની દષ્ટીએ યોગ્ય ઠરે તે માટે વર્ષો પહેલાં મુંબઇ હાઇકોર્ટના ચૂકાદામાં જે આદેશો અપાયેલા તેનું મુંબઇ મહાજન અને ટ્રસ્ટે પાલન કરવાનું હજી પણ બાકી રહ્યું છે તે પછી જ પુનર્વિકાસનું કામ શરૂ કરી શકાશે.

હાઇકોર્ટના આ આદેશ અનુસાર મુંબઇ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટે ટ્રસ્ટના વહીવટ માટે નવી સ્કીમ બનાવી તે ચેરીટી કમીશ્નર દ્વારા મંજુર કરાવવી જોઇએ તેમજ ચેરીટી કમીશ્નરના રેકર્ડ પર પણ ઘણા સુધારા વધારા મંજુર કરાવવા પડશે. ચેરીટી કમીશ્નરના રેકર્ડ પર અનંતસિધ્ધિની જમીન (ભાંડુપ દેરાસરજીની જમીન અલગ છે અને તેનું એક અલાયદું ટ્રસ્ટ છે તે સિવાયની જમીન) ફક્ત જૈનો માટે સેનેટરીયમના હેતુસર જ ઉપયોગમાં લઇ શકાય તેવી નોંધણી થયેલ છે. પાંત્રિસેક વર્ષ પહેલાં નિર્માણ થયેલ અનંતસિધ્ધિના મકાનો અને નરશી નાથા હોલ આ દષ્ટિકોણથી કાયદાથી સુસંગત નથી.

ભૂતકાળની આ વાસ્તવિકતા હવે પાછી સુધારી શકાય તેમ નથી તે હકીકત છે. પરંતુ ભવિષ્યમાં જ્યારે પણ આખી, જમીનનો પુનર્વિકાસ કરવો હશે અને કેટલાક ફ્લેટો બજારમાં વેચાણ માટે મૂકવા હશે ત્યારે ટાઇટલ સર્ટિફિકેટ તૈયાર કરનાર વકીલ કે સોલીસીટર જમીન વિષયક દરેક પાસાંનું પરીક્ષણ કરશે તે દરમ્યાન ચેરીટી કમીશ્નરના દફ્તર પરની નોંધણી અને હાઇકોર્ટના પહેલાંના આદેશોનું પાલન થયું છે કે કેમ તેની ચકાસણી કર્યા પછી જ જમીનના ટાઇટલ ચોખ્ખા અને બજારક્ષમ છે કે નહીં તેનું સર્ટિફિકેટ આપશે તે હકીકત એકંદરે સૌની જાણમાં છે જ.

ટુંકમાં, આ બધી કાર્યવાહી કર્યા વિના અનંતસિધ્ધિના પુનર્વિકાસની યોજના શરૂ કરી શકાય તેમ નથી.

ઉપર જણાવ્યું તેમ વર્તમાન ટ્રસ્ટીઓએ ભાડુતો સાથેના સૂચિત કરારમાં તેમને નવા ફ્લેટો ભાડા પર જ મળશે અને જેમ સહકારી સંસ્થામાં સભ્યો સઘળા ખર્ચ ભોગવે છે તે રીતે જ ભાડુતોએ તે જવાબદારી પોતાના ખર્ચે નિભાવવી પડશે તે જોગવાઇઓ આજના સમયાનુસાર ચોક્કસપણે સુયોગ્ય છે. ભવિષ્યમાં જ્યારે પણ આ પુનર્વિકાસની યોજના ઘડાશે કે અમલમાં મૂકાશે ત્યારે પણ તે વખતના ટ્રસ્ટીઓએ ભાડુતોને આ પ્રકારે જ નવા ફ્લેટો મળશે તે મુજબની નીતિ (પૉલિસી) રાખવી પડશે જે જ્ઞાતિના અન્ય ટ્રસ્ટો પણ અખત્યાર કરશે તો જ જ્ઞાતિનાં મકાનોમાં વસવાટ કરનાર માટે સ્પષ્ટ સૂચનાદર્શક ભૂમિકા ઊભી થશે જેને કારણે જ્ઞાતિની સ્થાવર મિલકતો જ્ઞાતિની માલિકી હેઠળ જ રહેશે, તેમાં ટેનન્સી ટ્રાન્સફર કરતી વખતે ટ્રસ્ટને થોડી ઘણી આવક મળતી રહેશે અને નવા ભાડુત આપણા જ્ઞાતિજન જ હોવાથી આપણી વસતી ઘમધમતી રહેશે જે આ કિસ્સામાં તો ભાંડુપ દેરાસરજીની સમીપમાં જ હોતા જ્ઞાતિની ગૌરવગાથાને અધિકાધિક રોશન કરતી રહેશે.

અલબત્ત, 'અનંતસિધ્ધિ'ના ભાડુતો 'અનંતછાયા'નો દાખલો આપીને આગ્રહ કરી રહ્યા છે કે જેમ અનંતછાયાના ભાડુતોને માલિકી ધોરણે નવા ફ્લેટ મળ્યા અને તે પણ

નિ:શુલ્ક એટલે કે કોઇ ખર્ચ કર્યા વિના, તો અમને કેમ નહીં?

આ માગણી કે પ્રશ્નના જવાબનાં બે પાસાં છે.

વર્તમાન ટ્રસ્ટીઓના પુરોગામી ટ્રસ્ટીઓ (૨૦૧૦-૨૦૧૫)ને 'અનંતછાયા'નું વેચાણ કરવાની કેમ ફરજ પડી તેના સંજોગો તપાસીએ તો તેમના પણ પુરોગામી ટ્રસ્ટીઓએ (૨૦૦૫-૨૦૧૦) ડેવલપર સાથે ૯ થી ૧૧ કરોડની કિંમતે અનંતછાયાના ડેવલપમેન્ટ હક તબદીલ કર્યા હતા (અલબત્ત, તેને લગતા કરારનામામાં તે વખતના એક ટ્રસ્ટીએ સહી કરી ન હતી). એટલે તે ડેવલપરને બાજુએ મૂકીને અન્ય ડેવલપર સાથે આગળ વધવું હોય તો તે ૨૦૧૦-૧૫ના ટ્રસ્ટીઓએ કોર્ટની કાર્યવાહીની તૈયારી રાખવી પડે તેમ હતી કારણ કે કોઇ પણ બીલ્ડર-ડેવલપર લેખિત કરારનો વેચાણકર્તા દ્વારા ભંગ થાય તો તે પોતાના કિંમતી હક બજાવવા કોર્ટ જવાનું જ પસંદ કરે. તેથી તે ટ્રસ્ટીઓએ ડેવલપર સાથે સમાધાન કરવાના પ્રયત્નો કર્યા, જેમાં ટ્રસ્ટને પાંચ ગણી કિંમત એટલે કે ૪૫ કરોડ મળે ત્યાં સુધી છેલ્લી ઓફર મળી અને ઉપરાંતમાં અનંતછાયાના ભાડૂતોને માલિકી ધોરણે ફ્લેટો ન મળે તો ભાડુતો સમંતિપત્રો ન આપે, જેના કારણે સોદો આગળ વધી શકે તેમ ન હતો.

આમ બધી બાજુઓની વિચારણા કરી તે ટ્રસ્ટીઓએ જ્ઞાતિ હિતના દ્દષ્ટિકોણથી તે સોદો કન્ફર્મ કર્યો. આમ થયું તેથી અનંતછાયાની મિલકત જ્ઞાતિની માલિકીની ન રહી.

'અનંતસિધ્ધિ'ના ભાડુતોએ જ્ઞાતિ ભવિષ્યને પ્રાધાન્ય આપીને તે પ્રોપર્ટી પણ જ્ઞાતિની માલિકીની ન મટી જાય તેવા સર્વોપરિ આશય કે નીતિને સંપૂર્ણ ટેકો આપવો જોઇએ. તેમને ટેનન્સી હક મળશે તો તેની તબદિલી કરતી વખતે ટ્રસ્ટને ભલે કિંમતના ૧૦ થી ૧૫ ટકા જેટલી આવક થાય પણ સાથે સાથે નવા આવનાર ભાડુત આપણા જ્ઞાતિજન જ હશે તેના કારણે આપણા ભાંડુપ દેરાસરજીની નજીકમાં આપણી જ વસતી ધમધમતી રહે તેવા દુરગામી પ્રયોજનને સમજી દરેક જ્ઞાતિજને પ્રબળ ટેકો આપવો જોઇએ.

'અનંતસિધ્ધિ'ના ભાડુતોએ એ પણ સ્વીકારવું જોઇએ કે તેમને નવા ફ્લેટો માટે કોઇ ખર્ચ ન કરવો પડે અને વળી વધારાનો એરીઆ પણ મળવો જોઇએ તેવી અપેક્ષા રાખવાનો હવે સમય નથી રહ્યો. આખી પ્રોપર્ટી બજારમાં સોપો પડી ગયો છે. ઉપર જણાવ્યું છે તેમ માર્ચ ૨૦૧૮માં વર્તમાન ટ્રસ્ટીઓએ વર્તમાન પત્રોમાં જાહેરાત આપીને 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ માટે જાહેર ટેન્ડરો મંગાવ્યા હતા ત્યારે માંડ ત્રણેક ડેવલપર ફોર્મ લઇ ગયા હતા અને કદાચ એકાદ ટેન્ડરરે પોતાની ઑફર ટ્રસ્ટને મોકલાવી હતી. અત્યારે તો પરિસ્થિતિ તેનાથી પણ બદતર છે જે આગામી ઓછામાં ઓછા બે વર્ષ સુધી સુધરશે નહીં તેવી પૂરી સંભાવના છે.

છેલ્લા દોઢેક વર્ષ દરમ્યાન, આપણા અનેક જ્ઞાતિજનો જેઓ ખાનગી મકાન માલિકોના મકાનોમાં ભાડુતો હતા તેમને મકાન જર્જરિત થતાં તે માલિકાએ યેનકેન પ્રકારેણ જગ્યા ખાલી કરાવી હતી અને તેમને પોતાના ખર્ચે અન્યત્ર રહેવાની વ્યવસ્થા કરવી પડી છે. તેમને ભવિષ્યમાં તે જ જગ્યાએ કે અન્યત્ર એ ખાનગી મકાન માલિકો દ્વારા નવા ફ્લેટ મળશે કે કેમ, ક્યારે મળશે, વધારાનો એરીઆ મળશે કે કેમ તેની અનિશ્ચિતતામાં તેઓ અત્યારે સપડાઇ ગયા છે. તેમના જુના મકાનો સંપૂર્ણપણે તોડી પાડવામાં આવ્યા છે. આ બધી હકીકતો 'અનંતસિધ્ધિ'ના ભાડુતોની જાણકારીમાં હશે જ.

બીજી બાજુ, અનંતનાથજી ટ્રસ્ટના જ 'અનંતનિવાસ' ના ભાડુતો ટ્રસ્ટીઓ સાથે સહકાર-સમાધાન કરીને તેમના રૂમો અને મકાનના રિપેરીંગ માટે સારો એવો ખર્ચભાર વહન કરી રહ્યા છે.

ત્રણેક વર્ષ પહેલાં જ્યારે 'અનંતસિધ્ધિ'ના ૯૫% જેટલા ભાડુતો પોતાના ખર્ચે પોતાના ફ્લેટ ઇત્યાદિમાં રીપેરીંગ કરવા ઇચ્છુક હતા ત્યારે ટ્રસ્ટીઓએ સ્વાભાવિકત: તેમને એ ખર્ચ ન કરવા સૂચવી રહ્યા હતા કારણ કે તે વખતે ટૂંક સમયમાં જ પુનર્વિકાસનું કામ શરૂ કરવાની ટ્રસ્ટીઓની ગણતરી હતી.

તેથી જ હવે, 'અનંતસિધ્ધિ'ના ભાડુતોએ નવા ચૂંટાનાર (૨૦૨૦-૨૦૨૫) ટ્રસ્ટીઓ પુનર્વિકાસનું કામ ચોક્કસપણે પુરૂં કરશે તેવી આશા અપેક્ષા રાખ્યા વિના કે તેવા વચનો પર આધાર રાખ્યા વિના, તેમણે વર્તમાન ટ્રસ્ટીઓની અનુમતિ-પરવાનગી લઇને સત્વરે તેમના ફ્લેટો અને મકાનોનું રીપેરીંગ કામ ઉપાડી લે તેમાં ફક્ત તેમનું જ નહીં બલ્કે આખી જ્ઞાતિનું હિત સમાયેલું છે. આનું કારણ એ પણ છે કે આગામી બેએક વર્ષ સુધી આ પુન-ર્વિકાસની યોજના હાથ ધરી શકાય તેવી કોઇ શક્યતા નથી.

જ્ઞાતિજનોમાં એક સર્વસામાન્ય ગેરમાન્યતા પ્રવર્તે છે કે અનંતનાથજી ટ્રસ્ટ પાસે અનંતછાયાના વેચાણ દ્વારા મળેલા ૪૫ કરોડ મળીને જંગી ભંડોળ છે તે જોતાં 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજના કરવામાં ટ્રસ્ટીઓને કોઇ અડચણ કે મુશ્કેલી પડી શકે તેમ નથી. આ એક ભ્રમણા છે. વાસ્તવિકતા એ છે કે અનંતછાયાના વેચાણના મળેલ ૪૫ કરોડની મુદલ રકમને અનામત રાખી તે પરના ફક્ત વ્યાજની આવક જ ટ્રસ્ટીઓ ટ્રસ્ટના હેતુ પ્રયોજન અર્થે ઉપયોગમાં લઇ શકે છે તે પ્રકારનો ચેરીટી કમીશ્નરનો સ્પષ્ટ હુકમ છે જે હાઇકોર્ટે માન્ય રાખ્યો છે.

આ વ્યાજની વાર્ષિક ધોરણે સાડા ત્રણ કરોડ જેટલી રકમ સાધારણ ખાતામાં જમા થાય છે. જે પુરોગામી ટ્રસ્ટ બોર્ડ ત્રણેક વર્ષ દરમ્યાનની અને વર્તમાન ટ્રસ્ટ બોર્ડ પાંચ વર્ષની મુદત દરમ્યાન મેળવેલ તે રકમ પૂરેપૂરી ઉપયોગ કરી હોવાની સંભાવના છે. આમ ૨૦૨૦માં ચાર્જ અખત્યાર કરનાર નવા ટ્રસ્ટ બોર્ડ શૂન્ય બેલેન્સથી શરૂઆત કરવી પડશે તેવી આર્થિક પરિસ્થિતિ હોવાની પૂરી શક્યતા છે.

'અનંતસિધ્ધિ'ની મિલકત પણ સાધારણ ખાતાની મિલકત છે. તેથી જ્ઞાતિએ જો ટ્રસ્ટના ખર્ચે તેનો પુનર્વિકાસ કરવાનું આયોજન ગોઠવવું હોય તો આ વ્યાજની રકમને દસ વર્ષ સુધી પૂરેપૂરી અકબંધ રખાય તો પણ જ્ઞાતિ હસ્તક આ આયોજન થઇ શકે તેની શક્યતા, વર્તમાન અને નજીકના ભવિષ્યમાં સંભવિત સંજોગો જોતાં, નહીંવત છે.

તેની સામે, બહારના ડેવલપર જે અન્ય શરતો ઉપરાંત ટ્રસ્ટને પર્યાપ્ત રકમની બેંક ગેરંટી આપવાનું કબુલે તેના હસ્તક જ આ પુનર્વિકાસ યોજના પાર પાડવાના વિકલ્પ માટે સંજોગો સાનુકૂળ છે કે કેમ તેનું ચિત્ર દોઢ-બે વર્ષ પછી જ સ્પષ્ટ થશે.

તેમજ ઉપરોક્ત ઉલ્લેખેલ નામદાર હાઇકોર્ટના આદેશની પૂર્તિ કરવાની વિધિ, જેમાં મુંબઇ મહાજનની સર્વ સામાન્ય સભાની સંમતિ સાથે અનંતનાથજી ટ્રસ્ટના વહીવટ માટેની નવી સ્કીમ ચેરીટી કમીશ્નર પાસે મંજુર કરાવવાનો પણ સમાવેશ થાય છે તે સઘળી કાર્યવાહીને પૂર્ણ કરતાં દોઢેક વર્ષનો સમય લાગી શકે તેમ છે.

આમ સમગ્ર પરિસ્થિતિને અનુલક્ષીને, નજીકના ભવિષ્યના ઓછામાં ઓછા બે વર્ષ સુધી તો, અનંતસિધ્ધિની મિલકતના સંપૂર્ણતઃ પુનર્વિકાસના આયોજનનો આરંભ થઇ શકે તેવા ઉજળા સંજોગો ઉદભવશે કે કેમ તે પણ કહી શકાય તેમ નથી.

એક રીતે જોઇએ તો આ ટ્રસ્ટીઓના એકાધિકાર (મોનોપોલી)ને નિર્ણયાધીન કે તેમની વિચારણા પૂરતો જ સીમિત રાખવામાં આવે તે જ્ઞાતિના વિશાળ હિતને ગંભીર નુકસાન પહોંચાડી શકે તેમ છે.

હકીકતમં તો જ્ઞાતિએ એક અનૌપચારિક સલાહકાર સમિતિ, જેમાં એકાદ વરિષ્ઠ આર્કિટેક્ટ, બે અગ્રણી અનુભવી બીલ્ડર-ડેવલપર, બે વરિષ્ઠ કાયદાવિદો અને એક નિષ્ણાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જ્ઞાતિજનોનો સમાવેશ થતો હોય તેની નિમણૂંક કરવી જોઇએ જેથી જેમના સલાહ સૂચનથી ન કેવળ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પરંતુ અન્ય મુખ્ય ટ્રસ્ટોના સંચાલકો, તેમના ટ્રસ્ટના ફંડો, મિલકતો વિગેરેનો સમુચિત ઉપયોગ કરી શકે.

'પ્રકાશ સમીક્ષા' આ દિશામાં પહેલ કરશે ?

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## પ્રકાશ સમીક્ષાને અપીલ

તા. ૨૨-૧૨-૨૦૧૯ના રોજ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઇ મહાજનના સભ્યોની ચુંટણી નિર્ધારિત થઇ છે. મારી સર્વે ઉમેદવારી કરવા ઇચ્છુક વ્યક્તિઓને નમ્ર વિનંતી છે કે તેઓ સમયનું પુરતું યોગદાન આપી શકતા હોય તોજ ચુંટણીમાં ઉમેદવારી નોંધાવવી.

મારી પ્રકાશ સમીક્ષાને વિનંતી છે કે તેઓ દરેક ઉમેદવારનો વ્યક્તિગત પરિચય વિના મૂલ્યે પ્રકાશિત કરે જેથી મતદાતાઓને ઉમેદવારો વિશે સંપૂર્ણ માહિતી મળે અને યોગ્ય ઉમેદવાર ચુંટી શકે.

આ ઉપરાંત શક્ય હોય તો પ્રકાશ સમીક્ષા મસ્જીદબંદર, ઘાટકોપર, માટુંગા, મુલુંડ અને ડોંબિવલીમાં ચુંટણી પહેલા યોગ્ય દિવસોએ મીટિંગોનું આયોજન કરે અને ઉમેદવારોને પોતાના વિચાર વ્યક્ત કરવાનું પ્લેટફોર્મ આપે.

**– હંસકુમાર બી. ખીમજી**, માટુંગા

## શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઇ મહાજન ચુંટણીના ઉમેદવારો જોગ....

ડિસેમ્બર મહિનામાં આયોજીત શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઇ મહાજન ચુંટણીમાં ઉમેદવારી નોંધાવનારા સર્વે ઉમેદવારોને પોતાના ફોટોગ્રાફ - નામ - ગામ - સરનામું - મોબાઇલ નંબર તથા બાયોડેટા પ્રકાશ સમીક્ષાને ઇ-મેલ, કુરીઅર અથવા રૂબરૂ મોકલી આપવા વિનંતી છે જેથી ચુંટણી માટે જ્ઞાતિજનોમાં જાગૃતી લાવવા તથા ઉમેદવારો વિશે જ્ઞાતિજનોને માહિતી આપવા પ્રકાશ સમીક્ષામાં વિનામૂલ્યે પ્રકાશિત કરી શકાય. **– તંત્રી મંડળ**

**પોસ્ટ/કુરીઅર માટે સરનામું : C.D.O. PRAKASH SAMIKSHA, C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053. E-mail : kdoprakash@gmail.com

# KDO શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

અણમોલ જ્ઞાતિ – અનંત ગૌરવ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

સર્વે સભ્યોને જણાવવાનું કે, તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધીના પાંચ વર્ષ માટે (૧) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ ના વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યો (૨) શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો ના ૧૧ ટ્રસ્ટીઓ તથા (૩) શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ ઉપરના મહાજનશ્રીના ૧ પ્રતિનિધિ - ટ્રસ્ટીની ચુંટણી રવિવાર, તા. ૨૨-૧૨-૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ છે.

## ચુંટણી અંગેના નિયમો અને અગત્યની સુચનાઓ

**૧. મુંબઇ મહાજનશ્રીના બંધારણ એવં તેના પરીશિષ્ટ ૫ અનુસાર ચુંટણી યોજાશે.**

**(અ) ડીપોઝીટ :** મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિના સભ્યપદની ઉમેદવારી માટે રૂા. ૧૦૦૦/- (રૂા. એક હજાર) રોકડા બને ટ્રસ્ટના ટ્રસ્ટીપદની પ્રત્યેકની ઉમેદવારી માટે રૂા. ૫૦૦૦/- (રૂા. પાંચ હજાર) રોકડા ડીપોઝીટ ભરવાના રહેશે.

**(બ) લાગા-લેણા :** ઉપરોક્ત ત્રણે સંસ્થાના સમિતિના સભ્યપદ/ટ્રસ્ટીની ચુટંણીમાં ઉમેદવારી કરનારના શ્રી અનંતનાથજી ટ્રસ્ટ કે મુંબઇ મહાજનશ્રીના સર્વે લાગા, લેણાની ચૂકવણી આવશ્યક છે, અન્યથા તેમની ઉમેદવારી રદ થશે.

**(ક)** મુંબઇ મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યોની ચુંટણીની માટે વધુમાં વધુ ૪૪ મત અને ઓછામાં ઓછા ૨૫ મત આપવાનું ફરજીયાત છે. શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ૧૧ ટ્રસ્ટીઓ માટે વધુમાં વધુ ૧૧ મત અને ઓછામાં ઓછા ૭ મત આપવાનું ફરજીયાત છે. એવં શિક્ષણ પ્રસારક સમિતિ પર મહાજનશ્રીના એક પ્રતિનિધી ટ્રસ્ટી માટે ૧ મત આપવો ફરજીયાત છે. નિયત સંખ્યાથી ઓછા કે વધારે મતવાળું મતપત્રક રદ ગણાશે.

**(ડ)** ચુંટણી માટે મસ્જિદ બંદર, માટુંગા, ઘાટકોપર, ભાંડુપ, મુલુંડ, ડોંબિવલી તથા ગોરેગામ મતદાન મથકો રહેશે. જે મતદાન મથકમાં જ્ઞાતિજનનું નામ રોલપત્રક પર હશે તે મતદાન મથક પર જ તેઓ મતદાન કરી શકશે. જે જ્ઞાતિજનોએ પોતના રહેઠાણ બદલ્યા હોય તેમણે મહાજનશ્રીની ઓફીસને તા. ૨૦-૧૧-૨૦૧૯ સુધી લેખિતમાં જણાવવું.

**(ઇ)** મુંબઇ મહાજનશ્રીના રોલપત્રક મુંબઈ મહાજનશ્રીના કાર્યાલયમાં તા. ૨૦-૧૧-૨૦૧૯ સુધી ખુલ્લા રાખવામાં આવેલ છે. સભ્યોને પોતાના નામ તપાસી લેવા વિનંતી છે. ફેરફારો માટે ત્યાં જ ફોર્મ લઇ ભરીને મુંબઇ કાર્યાલયે આપવા.

**(ફ)** બહારગામથી મુંબઇ રહેવા આવેલ જ્ઞાતિજનોએ મહાજનશ્રીનું ફોર્મ ભરીને પોતાના નામ રોલપત્રકમાં આમેજ કરાવી લેવા.

**(ગ)** સને ૨૦૧૪ના અદ્યાવત કરેલ રોલપત્રક બાદ જે જ્ઞાતિજનોના બાળકો તા. ૨૦-૧૨-૨૦૧૯ સુધી ૧૮ વર્ષના થતા હોય તેઓએ તેમના નામો તપાસી લઇ ઉમેરાવી લેવા.

**(ચ)** જે આંતરજ્ઞાતિય બહેનોએ આપણી જ્ઞાતિમાં લગ્ન કરેલ છે અને જેમના મહાજનશ્રીના સભ્યપદ માટેના ફોર્મ વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલ છે તેમના નામ મહાજનશ્રીના રોલપત્રકમાં આમેજ કરાયેલ છે જે તપાસી લેવા વિનંતી.

**(છ)** છેકછાક વાળું કે નિર્ધારિત નિશાની કરતાં અન્ય નિશાનીવાળું મતપત્રક રદ કરવામાં આવશે.

**(જ)** જે સભ્યનું નામ ઉમેદવારીની છેલ્લી તારીખથી એક વર્ષ અગાઉથી મહાજનશ્રીના પત્રકમાં નોંધાવેલુ હશે તે સભ્ય ને જ ચુંટણીમાં ઉમેદવારી કરવાનો તથા ઉમેદવારીની દરખાસ્ત કરવાનો તથા ટેકો આપવાનો અધિકાર રહેશે.

- **ઉમેદવારે સંપૂર્ણ ફોર્મ છેક છાક રહિત, સારા અક્ષરોમાં ભરવું આવશ્યક છે.**
- **આ ઉપરાંત ચુંટણી સંબંધી કાંઇ પણ પૂછપરછ કે વધુ માહિતી માટે મહાજનશ્રીના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી છે.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**રમેશ હીરજી લોડાયા** અને
**ચેતનકુમાર ખીમજી મોમાયા**
માનદ્ મંત્રીઓ

**મુખ્ય ચુંટણી અધિકારી**
**શ્રી ચીમન મેઘજી મોતા, મુલુંડ**
**પ્રથમ ઉપ-ચુંટણી અધિકારી**
**શ્રી ડોલર પ્રતાપ લોડાયા / શાહ, મુલુંડ**
**દ્વિતીય ઉપ-ચુંટણી અધિકારી**
**શ્રી રાજીવ જયચંદ લુઠીયા, મુલુંડ**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

Trust Reg. No.: 32088 (Mumbai)

C/O. DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 276, D. N. ROAD, FORT, MUMBAI - 400 001.
PHONE : 2219 8500 FAX : 2205 5556 E-MAIL : kdoclassic.foundation@gmail.com

## : કોઠારા સાર્વજનીક દવાખાના :

કચ્છના અબડાસા તાલુકાના મોટા ભાગના ગામોમાં ડોક્ટર હોતા નથી તેમજ વૈદકિય સુવિધાઓનો પણ અભાવ હોય છે. આ મુશ્કેલીને લક્ષમાં રાખી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન, મુંબઈએ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનોને કોઠારા સાર્વજનીક દવાખાનામાં સર્વ ટ્રીટમેન્ટ નિઃશુલ્ક (FREE) મળે એવી વ્યવસ્થા કરી છે. કોઠારા અબડાસાના આપણી જ્ઞાતિની વસ્તીના ગામોની મધ્યમાં આવેલ છે એટલે સર્વે જ્ઞાતિજનો આનો લાભ લઈ શકશે.

વર્ષ : ૧૯૬૬ના દશેરાના શુભ દિવસે, શ્રી કોઠારા સાર્વજનીક દવાખાના ટ્રસ્ટ સંચાલિત કોઠારા સાર્વજનીક દવાખાના શરૂ થયેલ. આજ ૫૦થી વધુ વર્ષોથી કોઠારા અને આસપાસના ગામોની પ્રજાને નજીવી ફી લઈને આ દવાખાનું સેવા આપી રહ્યું છે. આ દવાખાનામાં ડીજીટલ એક્સરે તથા ડીજીટલ પેથોલોજી લેબોરેટરી અને કાર્ડીઓગ્રામ (ECG)ની સગવડ ઉપલબ્ધ છે. મલેરીયા/ટાઈફોઈડ/હેમોગ્લોબીન/ડાયાબીટીસ/પ્રગ્નેન્શીના ટેસ્ટ અહીં કરાવી શકાય છે. ડોક્ટરશ્રી દર્દીને તપાસી દવા લખી આપે એ દવા આ દવાખાનામાંથી મળી રહે છે. ગ્લુકોઝ/દવાના બોટલ ચડાવવાની સગવડતા પણ છે. જરૂરત પડે અને ટ્રીટમેન્ટ માટે રાત રોકાવવું પડે તો પાંચ બેડ મહીલા અને પાંચ બેડ પુરૂષ માટેની વ્યવસ્થા આ દવાખાનામાં છે. ડોક્ટરશ્રીનું રહેઠાણ આ દવાખાનાની ઉપર છે એટલે ઈમરજન્શીમાં ડોક્ટરશ્રી ૨૪ (ચોવીસ) કલાક મળી શકે છે.

દવાખાનાનો ટેલીફોન નંબર : (૦૨૮૩૧) ૨૮ ૨૨૪૦.

દવાખાનાનો સમય : સવારે : ૯ થી ૧ બપોરે : ૩ થી ૬

**ખાસ સૂચના :** દવાખાનામાં બતાવવા માટે આપનો ફોટા સાથેનો ઓળખ પત્ર (આધાર કાર્ડ / પેન કાર્ડ / અન્ય) આપની સાથે લઈ જવું જરૂરી છે. ઓળખ પત્ર વગર દવાખાનામાં ટ્રીટમેન્ટ અપાશે નહીં.

## : ભુજમાં મોતિયાના ઓપરેશન :

ક.દ.ઓ. જ્ઞાતિજનનો માટે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન દ્વારા મુંબઈમાં પ્રથમ દષ્ટી (આંખ) અભિયાન છેલ્લા ૨૦થી અધિક વર્ષોથી કાર્યરત છે જેમાં આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશન નિઃશુલ્ક (FREE) કરાવી અપાય છે. કચ્છમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશન નિઃશુલ્ક (FREE) કરાવવા મુંબઈ સુધી આવવું પડતું હતું.

કચ્છમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનોને મુંબઈ સુધી આવવું ન પડે એ શુભ વિચારથી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશને છેલ્લા પાંચ વર્ષથી આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશનની સવલત નિઃશુલ્ક (FREE) કચ્છમાં મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરી છે. લેવા પટેલ હોસ્પીટલ, ભુજ સાથે આંખની ટ્રીટમેન્ટ અને મોતિયાના ઓપરેશનની વ્યવસ્થા ઉભી કરેલ છે.

## : મુંબઈમાં ચાલતા અભિયાનો :

આ ઉપરાંત કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે મુંબઈમાં ઓપરેશન - પ્રથમ દષ્ટી (આંખ) - દાંત - ડાયાબીટીસના નિઃશુલ્ક (FREE) અભિયાનો ચલાવે છે.

# હાર્દિક અભિનંદન

## ધરમશી અને ધુલ્લા પરિવારનું ગૌરવ







**Adv. Nikita Kumarpal Dharamsi**

LL.B. ફાઇનલ પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ પ્રયાસે ઉતીર્ણ થઇ વકીલની ડિગ્રી મેળવેલ છે.

**Bhavik Kumarpal Dharamsi**

H.S.C. (કૉમર્સ) મુંબઇ બોર્ડ પરીક્ષામાં **91%** મેળવી ઉતીર્ણ થયેલ છે.

**ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિના સોપાન સર કરે, એવી અભિલાષા...**

**-: શુભેચ્છકો :-**

દાદી-દાદા : **માતુશ્રી હીરબાઇ વીરચંદ રતનશી ધરમશી (ભાટે)** - જખૌ (સાંયરા) - ડોંબિવલી

નાની-નાના : **માતુશ્રી રતનબાઇ મુલજી કાનજી ધુલ્લા** (સુથરી-કલકત્તા)

મમ્મી-પપ્પા : **અ.સૌ. ચિત્રા કુમારપાલ ધરમશી**

# પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ







**સ્વ. શ્રી નવીનચંદ્ર દામજી ધરમશી**

ગામ : મોટી ખાવડી

અરિહંત શરણ : તા. ૫-૧૧-૨૦૧૮

**અ.સૌ. સ્વ. સુશીલા નવીનચંદ્ર ધરમશી**

ગામ : મોટી ખાવડી

અરિહંત શરણ : તા. ૨-૯-૨૦૧૮

તમારી વિદાયને આજે એક વરસ વીતી ગયું, વિદાય આટલી અણધારી હશે ક્યાં ખબર હતી

થતો નથી અમારા હૃદયને વિશ્વાસ, કે તમે નથી આજ અમારી પાસ

**પ્રભુ આપની વિરલ આત્માને પરમશાંતી આપે એવી પ્રાર્થના**

**-: શ્રધ્ધાસુમન :-**

પુત્ર : **હરીશ નવીનચંદ્ર ધરમશી**

**કીરણ નવીનચંદ્ર ધરમશી**

**તુષાર નવીનચંદ્ર ધરમશી**

પુત્રવધુ : **હીના હરીશ ધરમશી**

**મધુ કીરણ ધરમશી**

**અમિતા તુષાર ધરમશી**

પૌત્ર-પૌત્રી : **દેવાંગ, નિકિતા, જુગલ, રોનક, સિધ્ધી**

## મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટ - ચુંટણી

- કુમાર બાબુભાઈ દંડ




દર પાંચ વર્ષે લોકશાહી ઢબે યોજાતી મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટ ની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચુંટણી જેમાં મુંબઈ મહાજન મધે ૪૪ અને અનંતનાથ ટ્રસ્ટ મધ્યે ૧૧ ટ્રસ્ટી ચુંટવાના હોય છે. કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના દરેક મહાજન, સંઘ, મંડળ અને કહીયે તો (દેશ-પરદેશ)ના સર્વે જ્ઞાતિજનો ની નજર આના પરિણામ ઉપર હોય છે.

આ અધિકારીઓ ભલે મુંબઈની ઉપરોક્ત સંસ્થાઓના સુત્ર સંભાળશે પણ તેમનો માન-મરતબો-દબદબો સંપૂર્ણ જ્ઞાતિ મધે હોય છે. મુંબઈ મહાજનના પ્રમુખ એટલે ''મોટા ભા'', બીજી ભાષામાં કહીયે તો આખી નાતના પ્રમુખ.

મુંબઈ મહાજનનાં કાર્યક્ષેત્રમાં ૬૦% થી વધુ આપણા જ્ઞાતિજનોની વસ્તી છે. ધ્વજારોહણ મહોત્સવ, ચાર્તુમાસ, ગૃહઉદ્યોગ, મેડીકલ સેવા, સાથે સમુહ લગ્ન, સગપણ મિલન સમારોહ, તપસ્વી બહુમાન સમારોહ, શૈક્ષણિક ગતિવિધિ, યુથ ફેસ્ટીવલ, યાત્રા પ્રવાસ, સાથે અન્ય ઘણી બધી જવાબદારીઓ છે.

મુંબઈ મહાજનનો આવકનો સ્ત્રોત હમણા લાગા સિવાય કાંઈ જ નથી. અંદાજીત ૫૦૦૦/૭૦૦૦ મુંબઈના જ્ઞાતિજનો લાગા ભરતા હશે. જેમાંથી વ્યક્તિદિઠ રૂા. ૫૦/-માંથી અનંતનાથ ટ્રસ્ટને ધૃત, વારા, જ્ઞાન, વગેરે માં ૬૦% જેટલી રકમ આપવી પડે છે.

મુંબઈ મહાજનની આવકનો સ્ત્રોત લગભગ કાંઈ જ ન હોવાના કારણે ઉપર લખેલ કાર્યક્રમો દાતા ઉપર જ નિર્ભર હોય છે અથવા પહેલેથી પંચ વાર્ષિક દાતાઓ ઉભા કર્યા હોય તેમાંથી રોજબરોજનો ખર્ચ, પગાર, પોસ્ટેજ, વગેરેનો પણ કાઢવાનો હોય છે.

આવતી ટર્મમાં આવનાર પ્રમુખશ્રીનું પ્રથમ ભગીરથ કાર્ય ઐરોલી સ્થિત વાડીનુ બાકી રહેતું કાર્ય પુરુ કરવાનું રહેશે, જેથી મહાજનશ્રીની આવક ચાલુ થઈ શકે.

મુંબઈ મહાજનશ્રીના અધિકારીઓ જેઓ આ સૌભાગ્યશાળી પદ શોભાવશે તેઓ સમયનો ભોગ આપનાર તો હોવા જ જોઈએ સાથે ધાર્મિક જ્ઞાન પણ હોવું જરૂરી છે, કારણ ગચ્છાધિપતિ સહ આચાર્ય ભગવંતો, સાધુ-સાધ્વીજીઓ સાથે વિવિધ કાર્યો માટેના સંપર્કો બહુ જ જરૂરી હોય છે. અનંતનાથ, ભાંડુપ તથા ઘાટકોપર મધે ચાર્તુમાસ, વિવિધ અનુષ્ઠાનોમાં હાજરી અને આપણા ગુરૂ એટલે યતિશ્રી મોતીસાગરજી મ.સા. દ્વારા થતાં વિવિધ અનુષ્ઠાનોમાં હાજરી અને તે બાબતની દરેક ગતિવિધિમાં હૃદયથી જોડાણ ખૂબ જ જરૂરી હોય છે.

મુંબઈ મહાજનના વિવિધ કાર્યો સામાજીક અને ધાર્મિક પણ હોવાના કારણે, ધર્મ-તપ તેની કેન્દ્રીય વ્યવસ્થાનો એક અગ્રભાગ છે.

તન-મન-ધન થી જ્ઞાતિજનોને ધાર્મિક, સામાજીક વ્યવસ્થા જોડી શકે, શ્રેષ્ઠીઓ સાથે ના સુવ્યવહારના કારણે તેમની લક્ષ્મીનો ઉપયોગ જ્ઞાતિજનોની જરૂરીયાત માટે વપરાવીને તેને મહાલક્ષ્મી કે ધર્મલક્ષ્મી બનાવે તેવા પદાધિકારીઓની આજે ખાસ જરૂર છે.

અનંતનાથ ટ્રસ્ટ એટલે ભારતભરમાં જ નહિં પણ દેશ-દેશાવરમાં માનીતું, દાન-ધર્મ અને કચ્છીઓની આન-બાન અને શાનનું ઘરેણું. શત્રુંજય, ગીરનાર, સમેતશીખર જેવા તીર્થોમાં ૧૦૦ વર્ષો પહેલાની દાનની તક્તીઓ આજે પણ આપણા વડવાઓની ધાર્મિક દીર્ઘ દ્રષ્ટીઓની શાખ પૂરે છે. મુંબઈમાં ૧૪ થી વધુ જમીન-જાયદાદ પ્લોટ ધરાવતી ૫૦૦ થી અધિક ભાડુતોના ટ્રાન્સફર સહ વિવિધ પ્રશ્નોના ઉકેલ, અનંતનાથ જિનાલય, ભાંડુપ, ઘાટકોપર, આરીખાણા, કુમઠા,વાલગીરી, રાણપર, વાશી (નવી મુંબઈ) વગેરે જિનાલયોની ધાર્મિક રીતે જાળવણી, જિર્ણોધ્ધાર અને રોજ-બરોજના વહીવટના વિવિધ પ્રશ્નો પગારદાર સેવકો, પૂજારીઓના પ્રશ્નોના ઉકેલ માટે તથા કાયદાકીય અનેક અદાલતોના કેસ માટે સમય સાથે સામ-દામ-દંડ અને ભેદના ગુણ ટ્રસ્ટીઓ માટે ધાર્મિકતાની પ્રાધાન્યતા સાથે હોવા જરૂરી છે.

અનંતસિધ્ધિ ભાંડુપ, અનંતનિવાસ, અનંતભૂવન સહ મસ્જીદબંદરે આવેલી આપણી બીલ્ડીંગો સાથે ભાડુતો જે આપણા આદિનાથ-અનંતનાથ જિનાલયોને સંભાળે છે, તેવી બીલ્ડીંગોનું રીડેવલપમેન્ટ આજે સમયની માંગ છે. ત્યાં ચાલતી વિવિધ ધાર્મિક, સામાજીક પ્રવૃત્તીઓ, તે તે સંઘના કાર્યકર્તાઓ સાથે ખભેખભા મિલાવીને કાર્ય કરવાની સમજદારી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીમાં હોવી જોઈએ.

અનંતનાથ ટ્રસ્ટનું બંધારણ દાયકાઓ જુનું છે. હાઈકોર્ટની સ્કીમ મારફત બનેલું છે તેને આજની જરૂરીયાત પ્રમાણે બદલાવવાનું જરૂરી છે. આવતા પાંચ વર્ષમાં આ રીડેવલપમેન્ટ પણ જરૂરી છે.

આપણા આ ટ્રસ્ટનું દરેક જાન્યુઆરીમાં બજેટ

બનીને ચેરીટી કમીશનર ને જવું જ જોઈએ તે બજેટ જ્ઞાતિજનોને તેમની મીટીંગમાં કેમ દર્શાવી ન શકાય ? વર્ષ પૂરું થતાં ઓડીટ થાય જ છે. ઈન્કમટેક્ષનું રીર્ટન ભરાય જ છે પણ મુંબઈના જ્ઞાતિજનોને વાર્ષિક મીટીંગમધે બોલાવી પારદર્શકતા માટે આપણે હજી પાછા પડ્યા છીયે. જો આ શરૂ કરશું તો જ્ઞાતિજનોની સાચી સેવા થશે. ફરજ અને પારદર્શકતાથી સમાજસેવાના ગુણ વધુ ખીલી ઉઠશે. ''માલીકીભાવ'' હોવા જ ન જોઈયે, જે છે જ અને જે કાર્ય થઈ રહ્યું છે તેમાં અનંતનાથ દાદાની કૃપા અને મહેર છે તેવો ભાવ આવશે તો જ આપણે સાચા-સારા અને સમજદાર ટ્રસ્ટી બની શકશું.

આપણું આ ટ્રસ્ટ, જેમાં આપણી લાખેણી (અમુલ્ય હીરા-પન્ના જડીત) આંગી, અન્ય સોના-ચાંદીની મીલકત, ઘરેણાઓ, આંગી, સ્થાવર અને જંગમ મીલકત, હમણા બેંક મધે રહેલા અંદાજીત ૪૦/૪૨ કરોડ (લગભગ)ની ફીક્સડ ડીપોઝીટ, કુમઠા-વાલગીર મધે શોપીંગ કોમ્પલેક્ષ, વાડી, માંડવીની ધર્મશાળા-જગ્યા, કાંજૂરમાર્ગનો કાયદાકીય રીતે અટવાયેલો પ્લોટ આ બધાના સમજદારી - સુશાસનીય અને સુરેખ કાર્યમાટે સમય, સર્મપણ, નિષ્ઠા, ધાર્મિકતાની લાગણી હોવી ખૂબજ જરૂરી છે. ઘણી વાર બધાજ ટ્રસ્ટીઓ નવા આવી જાય તો જૂની ઘણી બાબતો વેરવિખેર થઈ જાય માટે જેમ આપણી રાજ્યસભામાં છે તે પ્રમાણે ત્રણેક ટ્રસ્ટીઓ જૂના માંથી રહેવાજ જોઈએ. બાકીના ૮ માટે ચૂંટણી અથવા Selection થવું જરૂરી છે. જેથી નવા આવનાર ટ્રસ્ટી મહોદયશ્રીને જૂના અનુભવ અને થયેલ કાર્યનો અંદાજ મળી શકે. આપણા બંધારણ મધે આ ફેરફાર ખૂબજ જરૂરી અને અગત્યનો છે.

પ્રકાશ સમીક્ષાના તંત્રીને પણ ગતવર્ષની બેલેંસ શીટની કોપી નથી મળી, પણ એક સાદી સમજના હિસાબે ૪૦/૪૨ કરોડની (લગભગ) ફીક્સ ડીપોઝીટનું ૭% લેખે ૨.૫૦/૩.૦૦ કરોડ રૂપીયાની વાર્ષિક આવક આપણું આ ટ્રસ્ટ ધરાવે છે. (અન્ય આવકની ગણતરી લીધી નહીં) સમયબધ્ધ, યોજનાબધ્ધ, સર્વેનો સાથ લઈ ચાલીયે તો જ્ઞાતિજનોની બધીજ જરૂરીયાત આપણે આ ટ્રસ્ટ મારફત પૂરી પાડી શકીયે છીયે.

એક અન્ય વાત એટલે કે ડોંબિવલી ખાતેનો હોપ ૧૦૦૦ નો પ્લોટ, જે મુંબઈ મહાજન કે અનંતનાથ ટ્રસ્ટનો નથી. (ઘણા લોકોને આવી અણસમજ છે.) આ એક વિવિધ સભ્યો ધરાવતી સંસ્થાનો પ્લોટ છે. મુંબઈ મહાજન કે અનંતનાથ ટ્રસ્ટ ફક્ત સલાહકાર સિવાય અન્ય કોઈ ભૂમિકા ન ભજવી શકે. જ્ઞાતિનો આ એક પેચીદો પ્રશ્ન છે. અનંતનાથ દાદા સહુને સમજદારી ભર્યુ વલણ રાખવાની શક્તિ આપે.

મુંબઈ મહાજનના વ્યવસ્થાપક સમિતિના સભ્યો, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, જે પણ કોઈ આ ચૂંટણીમાં ઉભા રહે, કોઈ Status Symbol માટે નહિં. આ ધાર્મિક સંસ્થાઓ છે. થોડી પણ આપણી ભૂલ આપણને ક્યાંય પાછળ ધકેલી દે છે (આવા ઘણા દાખલાઓ મોજૂદ છે) દેવદ્રવ્ય, સાધારણદ્રવ્યને હાની પહોંચે એવા કાર્ય આપણાથી ભૂલચૂકે પણ ન થાય, દેવ-ગુરૂ-ધર્મની ક્યાંય આશાતના ન થાય, જ્ઞાતિજનોની યથા-યોગ્ય સેવા થાય. વડિલોએ આપેલા અને તેમની દીર્ઘ-દૃષ્ટી ભર્યા કાર્યો આપણે સુપેરે પૂરા પાડીયે એવી સમજણ ધરાવતા ટ્રસ્ટીઓ/કાર્યકરોની જરૂરત છે. અનંતનાથ દાદા સહુને સદ્‌બુધ્ધિ અર્પે એ જ અભ્યર્થના.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

## પ્રકાશ સમીક્ષાના તંત્રીશ્રી સીએ હીરાચંદભાઇ દંડને માનદ ડૉક્ટરેટની પદવી




પ્રકાશ સમીક્ષાના તંત્રી અને શ્રી અરિહંત બેંકના પ્રમુખ શ્રી હીરાચંદભાઇ દંડને તા.૩૧-૧૦-૨૦૧૯ દુબઇ ખાતે યોજાયેલ એક સમારંભમાં કોમન વેલ્થ યુનિર્વસિટી યુનાઇટેડ કિંગડમ (ઇંગ્લેડ) તરફથી ડૉક્ટરેટની માનદ પદવી થી નવાજવામાં આવ્યા હતા. જે કે.ડી.ઓ. જ્ઞાતિ માટે ખૂબજ ગૌરવની વાત છે.

શ્રી હીરાચંદભાઇ અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને જ્ઞાતિના સામાજિક જીવનમાં એમનો ફાળો નોંધ પાત્ર છે.

**પ્રકાશ સમીક્ષા તંત્રી મંડળના હાર્દિક અભિનંદન**

## અનંતનાથજી ટ્રસ્ટનું ભંડોળ, મુંબઇ મહાજનશ્રીની વાડી અને વર્તમાન પદાધિકારીઓનું આયોજન




– 'સ્પષ્ટ વક્તા'

પ્રકાશ સમીક્ષાના અંક નંબર ૬માં ઉપરોક્ત વિષયે ''મહાજન – ટ્રસ્ટ પ્રેમી જ્ઞાતિજન'' નો ચર્ચાપત્ર વાંચ્યો. તેમાં જણાવેલ કેટલાક મુદ્દાઓ અંગે મારા પ્રતિભાવ દર્શાવું છું.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મુંબઇ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો ૨૦૧૪ની ચૂંટણીમાં બીનહરીફ ચૂંટાયા હતા. પણ જો અન્ય ઉમેદવારો હોત તો આમાંના ૪૦% પણ ચૂંટાઇ આવત કે કેમ તે એક સવાલ છે ! તે સિવાય, તેઓ પરસ્પર એકતા અને સંપથી ટ્રસ્ટ અને મહાજનની પ્રવૃત્તિઓ માટે યોગ્ય આયોજન કરી ઉપલબ્ધ ફંડનો સમુચિત ઉપયોગ કરશે તેવી અપેક્ષા હતી. પરંતુ તેમાં તેઓ સરિયામ નિષ્ફળ રહ્યા અને છેવટે આંતરિક ઝઘડાઓથી તેમણે ટ્રસ્ટ અને મહાજનની પ્રગતિને ખોરંભે પાડી દીધી.

હવે જ્યારે ડિસેમ્બરમાં આગામી પાંચ વર્ષની મુદતના (૨૦૨૦-૨૦૨૫) ટ્રસ્ટ બોર્ડ અને મહાજનની વ્યવસ્થાપક સમિતિઓ સભ્યો માટેની ચૂંટણીઓ જાહેર થઇ છે ત્યારે તેમને નવી મુંબઇની મહાજનવાડી અને સંકુલ માટે અંદાજીત પાંચેક કરોડનો ખર્ચ કરવાનો નૈતિક અધિકાર નથી છતાં પણ જાણે તેમના કાર્યકાળમાં આ વાડી પૂરી કરી તેવી ભવિષ્યમાં યશકલગી મેળવવા બહાર પડ્યા છે પણ તેમાં પણ તેમણે આંધળુકિયા કર્યા છે અને મહાજન જેવી સર્વોપરિ સંસ્થાનું ઘોર અપમાન કર્યું છે.

કારણ કે, દોઢેક વર્ષ પહેલાં મુંબઇ મહાજનની સામાન્ય સભામાં ભૂમિદાતામાંના એક અગ્રણીએ પોતાના ખર્ચે આ વાડીનું બાકીનું કામ પૂરૂં કરી આપશે એવો પ્રસ્તાવ આપેલો તે સ્વીકારાયો હતો. તો શું તેમણે તે પ્રસ્તાવ પાછો ખેંચ્યો હતો ? તેનો ખુલાસો જ્ઞાતિને આપ્યા વિના અને આ રીતે ટ્રસ્ટના પૈસાનો ઉપયોગ કરવા મહાજનની મંજુરી માટે બીજી સામાન્ય સભા બોલાવ્યા વિના જંગી ખર્ચ કરાઇ રહ્યો છે તે મહાજનની સુસ્થાપિત પ્રણાલી અને નિયમોથી વિરૂધ્ધ છે તેમજ મહાજનશ્રીનો ખુલ્લે આમ વિશ્વાસભંગ થઇ રહ્યો છે તે નૈતિક અને કાનૂની – બંને રીતે વિસંગત છે.

આ ઉપરાંત 'અનંતછાયા'ના વેચાણના ૪૦-૪૫ કરોડ ટ્રસ્ટને મળ્યા છે તેના ફક્ત વ્યાજની આવકનો જ ટ્રસ્ટના હેતુઓ માટે વપરાશ કરી શકાય તેવો ચેરીટી કમીશનરનો હુકમ છે જે હાઇકોર્ટે કન્ફર્મ કર્યો છે. આશા રાખીએ કે ટ્રસ્ટીઓ મૂળ મુદલ રકમનો બિલ્કુલ ઉપયોગ નહીં કરશે, નહીંતર તેમણે વ્યક્તિગત રીતે તેની ભરપાઇ કરવી પડશે તેની તેમણે તકેદારી લીધી જ હશે.

તે રીતે જ, વાડીમાં ફર્નીચર, અને સુશોભિકરણના કામો એ ટ્રસ્ટના હેતુઓથી સુસંગત ગણાય કે કેમ તે પણ એક મોટો પ્રશ્ન છે. તેમજ, પબ્લીક ટ્રસ્ટના કાયદા મુજબ, કોઇ પણ મોટા પ્રોજેક્ટના નાના-મોટા જે અલગ અલગ વિભાગોના કામો હોય તે દરેક માટે પણ સીલબંધ કવરમાં જાહેર ટેન્ડર મંગાવવા જરૂરી છે. હજી સુધી તેવી કાર્યવાહી મહાજનશ્રીએ કરી હોય તેમ જણાતું નથી.

એટલે, ટ્રસ્ટીઓ અને મહાજનના અધિકારીઓ આડેધડ અને નિયમોની પરવા કર્યા વગર વર્તી રહ્યા છે. શા માટે તેઓ પારદર્શક રીતે જ્ઞાતિ સમક્ષ વિગતવાર રજુઆત કરતા નથી ? એવું તે શું મોટું ખાનગી રાખવા જેવું છે ?

જ્ઞાતિજનોમાં હજી વધુ કે ખોટી શંકાઓ ન થાય તે માટે ટ્રસ્ટબોર્ડ અને મહાજનશ્રી તરફથી સંતોષકારક ખુલાસો થશે ?

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**


**Shree Samasta KDO Jain Mahajan**

Job Vacancy for **Executive/ Manager**



**Location :** Mumbai

**Qualification :** Graduate

**Gujarati** Language proficiency must.

**Experience :** 2 Yrs & Above as Executive/Mgr

**Profile :** To manage all the projects & Administrative work of the institution

**Skill Set Required**

- Computer knowledge
  Ms - Office, Internet & Website handling
- Physically Fit, Energetic
- Good co-ordination
- Good Verbal & Written Communication
- Basic Banking & Accounting

**Salary : Rs. 25000/- +**

Intrested Male/Female with the age up to 55 can apply on

**smvacancymumbai@gmail.com**

OR WhatsApp Your CV on **9869576527**

*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH

PARSHWANATH
ENTERPRISE PVT. LTD.

99309 82061 / 91672 44022

tilakshah60@yahoo.co.in

Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN

HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP

98196 22325

happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

શ્રી શાંતિનાથાય નમો નમઃ

# સાંધવ થી હાલાર, પાલીતાણા તીર્થની યાત્રા

સાંધવ નગરે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં **પ.પૂ. મુનિરાજ શ્રી હિતવધેનસાગરજી મ.સા.**ની શુભ નિશ્રામાં ચાતુર્માસમાં આરાધના કરનાર આરાધકોને સાંધવથી હાલાર, પાલીતાણા તીર્થની યાત્રા તા.૧૪/૧૦/૨૦૧૯ના સાંધવથી પ્રસ્થાન લાલપુર મુકામે રાત્રી રોકાણ સવારના ભલારાદાદાનો પક્ષાલ તેમજ પહેડી પ્રસાદ, આરતીનો લાભ લઈ નવકારશી કરી સેવક ભરૂડીયા ગામે પ્રસ્થાન. સંઘે સામૈયું કરેલ ચા-પાણી તેમજ આગતા સ્વાગતા કરેલ સંઘપતીનું બહુમાન કરેલ રૂા. ૧૦/- ની પ્રભાવના ભરૂડીયા મહાજન તથા રૂા. ૧૦/- ની પ્રભાવના રમેશ મુલજી લોડાયા તરફથી કરવામાં આવેલ ત્યાંથી દલતુંગી, મોડપર, રંગપુરના દર્શન કરેલ રૂા. ૧૦/-ની પ્રભાવના પ્રેમાબેન રતનશી ધરમશી રંગપુર વાળા તરફથી કરવામાં આવેલ ત્યાંથી પડાણા સુમતીનાથ તથા વાછરાદાદાના દર્શન કરીને મોટી ખાવડી સાર્ધમિક ભક્તિનો લાભ આપી **પ.પુ. સાધ્વીજી મહોદયાશ્રીજી મ.સા.**ને વંદન કરી દેવદર્શન કર્યા. મોટી ખાવડી મહાજને ભાવતા ભોજનીયા પીરસેલ તથા સંઘપતીનું બહુમાન કરેલ દરેક નું રૂા. ૧૦/-નું સંઘપુજન કરેલ ત્યાંથી નાની ખાવડી દેવદર્શન કરેલ. મહાજને સ્વાગત કરેલ બાદ જામનગર પ.પુ. સાધ્વીજી મ.સા.ને વંદન કરી ચા-પાણીનો લાભ આપેલ. સંઘે રૂા. ૫/- નું સંઘપુજન કરેલ આગતાસ્વાગતા સારી કરેલ.

**પાલીતાણા તરફ પ્રયાણ રાત્રી રોકાણ પાલીતાણા**

તા. ૧૬/૧૦/૨૦૧૯ સવારના દાદાને ભેટવા ગીરિરાજની યાત્રા કરવા ગયા દાદાનો પક્ષાલ અને પુજા કરવાનો લાભ મળ્યો ત્યારબાદ સાંધવરત્ન **પ.પૂ. આચાર્ય ભગવંત ગુણશીલસુરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. કુલશીલજી મ.સા.** તેમજ નીલગગનમાં **પ.પુ. ચંદ્રોદયાશ્રીજી મ.સા.** ને તથા **યશપ્રભાશ્રીજી મ.સા.** તથા **પ.પુ.સાધ્વીજી વિનયગુણાશ્રીજી મ.સા., પ.પુ સાધ્વીજી સંસ્કારનિધીશ્રીજી મ.સા., પ.પુ.સાધ્વીજી દિવ્યગુણાશ્રીજી મ.સા.**ને વંદન કરવા શ્રી સંઘ સાથે ગયેલ.

સવારના નવકારશી, બપોરના સાર્ધમિક ભક્તિ તેમજ બપોરના ચા-પાણીનો લાભ તથા રૂા. ૨૦/- નું સંઘપુજન **માતુશ્રી હીરબાઈ નારાણજી માલશી લોડાયા સાંધવ પાલીતાણાવાળા પરિવારે** લીધેલ. ખુબ ખુબ અનુમોદના. સાંજે ચોવિહાર સોનગઢ (બોર્ડિંગ) માં કરેલ. સાંજે ૭-૦૦ કલાકે બે તુફાન થી કચ્છ તરફ પ્રયાણ કરેલ છે. આ સર્વ યાત્રિકોને યાત્રા કરાવવાનો અમુલ્ય લાભ **એક સદગૃહસ્થ પરિવાર સાંધવ વાળા** એ લીધેલ. **એ દાતા પરિવાર ની ખૂબ ખૂબ અનુમોદના**

## કચ્છ ફરી ટાપુ બની જશે !

– કેસરસિંહ ખોના

લગભગ બધાજ ધર્મોની કથાઓમાં જળ પ્રલયની વાત આવે છે. જળ પ્રલયના લીધે ધરતી પરની જીવ સૃષ્ટિ નાશ પામે છે. એવી સ્થિતિ નિર્માણ થવાની દિશામાં જગત આગળ ધપી રહ્યું છે. એમ ''નેચર કૉમ્યુનિકેશન જનરલ'ના ઑક્ટોબર ૨૦૧૯ના અંકમાં પ્રસિધ્ધ થયેલા એક અહેવાલના આધારે કહી શકાય !

મહાભારતમાં મહાયુધ્ધ બાદ કેટલાક વર્ષે ભગવાન કૃષ્ણની દ્વારિકા સમુદ્રમાં ગરક થઇ ગઇ હતી. આ માટે કદાચ સુનામી અને યુધ્ધમાં વપરાયેલા દિવ્યાસ્ત્રોની અસરે સમુદ્રની સપાટી ઉંચી આવવાનું કારણ હોઇ શકે. ત્યારે કચ્છ પણ ટાપુ બની ગયું હશે. ધરતીકંપ જેવી ઘટનાઓના પરિણામે કચ્છના પૂર્વી વિસ્તારોના પાણી ઓસરી જતા હતા. જે આજે આપણને રણ રૂપે દેખાય છે. અને હવે વળી એજ સ્થિતિ નિર્માણ પામી રહી છે.

નેચર કૉમ્યુનિકેશન જનરલના લેખ પ્રમાણે આગામી ૩૦ વરસમાં (૨૦૫૦ સુધીમાં) સમુદ્રની સપાટી એટલી વધી જશે કે કચ્છ ફરી ટાપુ બની જશે. એ લેખમાં એના કારણોની ચર્ચા પણ કરાઇ છે.

મુખ્ય કારણ ગ્લોબલ વાર્મિંગના કારણે ધ્રુવીય હિમ છાજલી પીધળવાને લીધે તથા ગરમ થવાતા લીધે પાણીની સપાટી વધવાની ચર્ચા કરવામાં આવી છે.

સમુદ્રની જળ સપાટી ઊંચી થવાને લીધે દરિયાઇ પાણી કાંઠાના શહેરોમાં ભરાઇ જશે. કારણ કે એ પાણીને નગરોમાં પ્રવેશતા રોકવા માટે કોઇ કારગત ઉપાય નહીં હોય. આની પાછળ મુખ્ય સમસ્યા ચેરિયાનો આડેધડ નાશ, રેતીનું ગેરકાયદે ખનન તથા વારંવારની સુનામી અને તોફાનોના કારણે કાંઠાની જમીનનું ધોવાણ વગેરે છે.

અગાઉ ઇસરો જેવી સંસ્થાઓએ કરેલા સર્વેક્ષણ અને આવી સમસ્યાની આગાહીને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે આગોતરી તૈયારી શરૂ કરી લીધી છે. રાજ્ય સરકારે રૂા. ૪૫૦ કરોડના ખર્ચે સાગર કાંઠાને શક્ય તેટલી સલામતી બક્ષવા બે થી ત્રણ મીટર ઊંચી દીવાલ બનાવવાનું કામ શરૂ કર્યું છે. વલસાડમાં ૬૪ કિ.મી. લાંબી દિવાલ બની ચૂકી છે. રાજ્યના ત્રણ કરોડથી વધુ લોકો સાગર કાંઠે વસે છે. તેમને સલામતી પૂરી પાડવાની સાથે જ્યાં શક્ય અને જરૂરી હોય ત્યાં સ્થળાંતર પણ કરાવ્યું છે.

ગુજરાતનો સાગર કાંઠો દેશમાં સહુથી લાંબો હોવાથી આખી કાંઠા પટ્ટીને આવરી લેવાનું પડકાર ભર્યું રહેશે. કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કાંઠા વિસ્તારને આવરી લેવાની યોજના પાર પડી જતાં સમુદ્રની ધપાટો સામે કાંઠાની જમીનને આંશિક સલામતી મળી શકે છે.

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## શ્રી સાંધવ મહાજન આયોજીત ચૈત્યપરીપાટી અહેવાલ

સાંધવ નગરની ચૈત્ય પરિપાટી તા. ૨૭/૦૯/૨૦૧૯ રાત્રે ૧૦.૩૦ કલાકે (૨×૨ એસી) એક બસ મુલુંડ, એક બસ ડોંબિવલી થી ૯૫ યાત્રીકોએ પ્રસ્થાન કરેલ તા. ૨૮/૦૯/૨૦૧૯ના સવારના ચાલીસગામ ૭.૦૦ કલાકે આગમન થઈ દેવદર્શન પૂજા પાઠ કરી પ.પૂ.સા.શ્રી. કનકગુણાશ્રીજી મ.સા. તથા આપણા ગામની દીકરી પ.પૂ.સા. હીરગુણાશ્રીજી મ.સા. આદિઠાણાને વંદન કરી વ્યાખ્યાન વાણીનો લાભ લિધેલ. આગામી ચાર્તુમાસ સાંધવ નગરે થાય એવી વિનંતી કરવામાં આવેલ. સંઘે ભાવપૂર્વક નૌકારશી કરાવેલ. સંઘ તરફથી રૂા. ૧૨નું સંઘપૂજન, પેડાની પ્રભાવના. સંઘે સંઘપતિ પરિવાર તેમજ વિશેષ બહુમાન મણીલાલ ખોનાનું કરેલ. ચાલીસ ગામના સંઘના ભાઈઓએ માનપૂર્વક આદરભાવ કરેલ. ત્યાંથી પાચોરા આગમન. પાચોરા મહાજને ગરમા ગરમ દૂધ પિવડાવેલ. મહાજનશ્રીએ સંઘપતિ પરિવારનું બહુમાન તેમજ રૂા. ૧૦નું સંઘપૂજન કરેલ. પાચોરા મહાજને સંઘનું સારી રીતે આદરભાવ કરેલ. જલગામ આગમન થતા મહાજને સામૈયું કરેલ. દેવ-દર્શન કરી બપોરના સાધર્મિક ભક્તિનો લાભ અ.સૌ. ભાગવંતીબેન હિરાચંદ મોમાયા પરિવારે લિધેલ. ભાવતા-ભોજનીયા પિરસેલ. જલગામ મહાજને સંઘપતિ પરિવાર તેમજ વિશેષ સાંધવ મહાજનના પ્રમુખ શ્રી શામજીભાઈ દંડનું બહુમાન કરેલ. મહાજનના સર્વે જણ સારી રીતે આદર ભાવ આપેલ. રૂા. ૫૦નું સંઘપુજન સાંધવવાસી ૧) કેતન લક્ષ્મીચંદ નાગડા, ૨) સુરેન્દ્ર વાલજી ખોના, ૩) જીતેન્દ્ર વાલજી ખોના, સાંધવ ગામની નિયાણી બહેનો ૧) ગંગાબાઈ મણીલાલ મૈશેરી ૨) ભચીબાઈ કાન્તીલાલ મોતા ૩) માલતીબેન શાંતિલાલ મૈશેરી રૂા. ૧૦નું સંઘપુજન લલીત કુંવરજી લાલકાએ લાભ લિધેલ. ખામગામ પ્રસ્થાન. પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ને વંદન કરી. દેવદર્શન કરી ચૌવિહારનો લાભ આપેલ. ખામગામ મહાજને સંઘપતિ પરિવાર તેમજ સાંધવ પ્રમુખ શ્રી શામજીભાઈનું વિશેષ બહુમાન કરેલ. ખામગામવાસીઓએ સારી રીતે આદર-ભાવ આપેલ. રૂા. ૧૦નું સંઘપુજન લહેરચંદ જેઠાભાઈ લોડાયા સાંધવ તરફથી અને ત્યાથી રાત્રી રોકાણ અંતરીક્ષ તીર્થમાં તા. ૨૯/૦૯/૨૦૧૯ ના પૂજા પાઠ દેવદર્શન. પ.પૂ. તપગચ્છના મ.સા.ને વંદન કરી ત્રણ જીનાલયના દર્શન કરી નવકારશી કરી મલકાપુર તરફ પ્રસ્થાન કરેલ. શેઠશ્રી નરશી જેઠાભાઈ દંડ તરફથી સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ. ભાવતા ભોજનીયા પીરસવામાં આવેલ. મલકાપુર મહાજને સંઘપતિ પરિવારનું તેમજ વિશેષ શામજીભાઈ દંડનું બહુમાન કરેલ. રૂા. ૧૦ સંઘપૂજન પ્રતાપ જયચંદ લોડાયા, સાંધવ લાભ લિધેલ. મહાજને આગતા સ્વાગતા સારી રીતે કરેલ. ત્યાંથી પારોલા તિર્થમાં શાંતિનાથ દાદાની ભક્તિ કરેલ. આરતીનો લાભ સાંધવ સંઘ. વિપુલ પટેલ, જયેશ લોડાયા, ચેતન પીર, મંગળદિવો સાંધવ સંઘ હ. પ્રકાશ માણેકજી લોડાયા એ લાભ લિધેલ. પારોલા મહાજને સંઘપતિ પરિવાર તેમજ શામજીભાઈ દંડનું બહુમાન કરેલ. સંઘે આદરભાવ સારી રીતે આપેલ. રૂા. ૫ નું સંઘપુજન પ્રતાપ જીવરાજ ખોના સાંધવ અમલનેર વાળાએ લાભ લિધેલ. સર્વે ગામોમાં મહાજન પ્રતિનિધીઓ સર્વે ભાઈ બહેનો ખૂબ ખૂબ સાથ સહકાર આપેલ. સર્વે જણની હાજરી રહેલ તે બદલ શ્રી સાંધવ મહાજનશ્રી તરફથી ખુબ ખુબ અનુમોદના.

### ચૈત્યપરિપાટી પંચતિર્થીના ભાગ્યશાળી પરિવારો

શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, શેઠશ્રી શામજી નરશી દંડ, માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, શ્રીમાન ઠાકરશી લાલજી પટેલ, માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા, માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા શ્રીમતી પ્રિતીબેન પ્રકાશ લોડાયા, શ્રીમતી દમયંતીબેન હંસરાજ દંડ, શ્રી વિરચંદ મેઘજી ખોના, શ્રી માલશી ખીમજી દંડ (લખોબાપા), માતુશ્રી જવેરબાઈ પદમશી ખોના, માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પીર, સંઘપતિ પરિવારોનું સાંધવ સંઘ તરફથી બહુમાન કરવામાં આવેલ. ફરીથી આવા લાભ લેતા રહેજો. સંઘપતી પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના.

યાત્રામાં અઠમતપની આરાધના હેમલતાબેન નલીનકાંત પીર તથા આયંબિલ ઉર્મિલાબેન ઝવેલચંદ ધરમશી એ કરેલ. સાંધવ સંઘે અનુમોદના કરેલ. તા. ૨૮/૦૯/૨૦૧૯ થી ૩૦/૦૯/૨૦૧૯ સવાર સુધી પંચતિર્થી કરી આનંદ ઉલ્લાસથી ધાર્મિક ચર્ચાઓ, ધાર્મિક ગેમોથી સૌએ આનંદ માણેલ અને યાત્રા સુજાત્રા બોલતા ઘર તરફ પ્રયાણ કરેલ.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

તા. ૩૦-૧૦-૨૦૧૯

## વાર્ષિક - સામાન્ય સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇની એક સામાન્ય સભા સંવત ૨૦૭૬ના કારતક વદ ૯ ને બુધવાર તા. ૨૦-૧૧-૨૦૧૯ના સાંજના ૬.૩૦ કલાકે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજીના ઉપાશ્રયમાં નીચે દર્શાવેલ કાર્યસૂચી પર વાર્ષિક-સામાન્ય સભામાં ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત એકત્ર થશે.

### -: કાર્યસુચી :-

૧. ગત તા. ૨૦-૧૧-૨૦૧૮ની સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી.

૨. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ વ્યવસ્થાપક સમિતિની સભામાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ વર્ષ ૧૮-૧૯ના અન્વેષિત (Audited) હિસાબોને મંજુરી આપવા બાબત.

૩. શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો દ્વારા તા. ૩૦-૦૯-૨૦૧૯ના આવેલ પત્ર મુજબ ઐરોલી સ્થિત વિવિધલક્ષી સંકુલ માટે સંપૂર્ણ સંકુલને શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો નામ આપવાની અને નક્કી થાય તે મુજબ યોગ્ય સ્થળે નામ મુકવાની શરતે ટ્રસ્ટ તરફથી રૂા. ૫,૫૦,૦૦,૦૦૦/- (પાંચ કરોડ પચાસ લાખ પુરા)ની ઓફર આવેલ છે તેને મંજુરી આપવા બાબત.

૪. પ્રમુખશ્રીની મંજુરીથી કે તેમના દ્વારા જે કાંઇ રજુઆત થાય તે.

એજ લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ વતી**

**રમેશ હીરજી લોડાયા** **ચેતનકુમાર ખીમજી મોમાયા**

(માનદમંત્રીઓ)

**નોંધ :** ૧. સભાના મુકરર થયેલ સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે સભા બંધારણની કલમ ૧૨(૧) મુજબ મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે.

૨. મુલતવી રહેલી સભામાં કાર્યસુચી ઉપર દર્શાવેલ કાર્યો જ હાથ ધરી શકાશે. પ્રમુખશ્રી તરફથી કે તેમની સંમતિથી અથવા કોઇ રીતે નવીન કાર્યો હાથ ધરી શકાશે નહિં.

૩. (Audited) અન્વેષિત હિસાબોની નકલ મહાજનશ્રીની ઓફીસમાં જોવા માટે ઉપલબ્ધ છે. સમય બપોરના ૩.૦૦ થી ૫.૩૦ દરમ્યાન સંપર્ક કરવો. મહાજનના હિસાબો બાબત તા. ૧૭-૧૧-૨૦૧૯ના સાંજના ૫.૦૦ વાગ્યા સુધી આવેલા લિખિત પ્રશ્નોના જ ખુલાસા સામાન્ય સભામાં આપવામાં આવશે તેની નોંધ લેશોજી.

॥ શ્રી આદિનાથાય નમઃ ॥ ॥ શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ ॥ ॥ શ્રી ગુણસાગરસૂરિભ્યો નમઃ ॥
શ્રી આર્ય-જય-કલ્યાણ-ગુણ-ગુણોદયસાગરસૂરીભ્યો નમઃ

## શ્રી ગુણ-ગુણોદય સિધ્ધાચલ કન્યા ૯૯ યાત્રા

**શુભ સ્થળ : શ્રી સિધ્ધાચલમ્ જયાબેન વનશનજી મારૂ ગુણોદય ફાઉન્ડેશન, ગુણોદયપુરમ, પાલીતાણા**

**ગિરિરાજની કન્યા ૯૯ યાત્રામાં વય ૧૨ થી ૨૨ વર્ષની ઉત્સાહી કન્યાઓને જોડાવવા હાર્દિક નિમંત્રણ...**

આનંદો...
આનંદો...
આનંદો...



**દિવ્યકૃપા :** રાષ્ટ્રસંત, ભારતદિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ પ્રેરણા-આજ્ઞા-આશિષ :** તપચક્ર ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભાશિષ :** સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., સરળસ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., આગમાભ્યાસી પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ પૂજ્યશ્રીઓ

**દિવ્ય આશિષ :** સ્વાધ્યાયપ્રેમી પ.પૂ.આ. શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.

**નિશ્રા દાતા :** અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી, પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. તથા પૂ.સા. ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા-પ્રશિષ્યા આદિઠાણા

**૯૯ યાત્રા પ્રારંભ**
ચૈત્ર વદ ૫,
રવિવાર તા. ૧૨-૦૪-૨૦૨૦

**૯૯ યાત્રા પૂર્ણાહુતિ**
જેઠ સુદ પૂનમ,
શુક્રવાર તા. ૦૫-૦૬-૨૦૨૦

**મુંબઈ થી પ્રયાણ**
ચૈત્ર વદ ૩,
શુક્રવાર તા. ૧૦-૦૪-૨૦૨૦

**ફોર્મ ભરવાની છેલ્લો દિવસ**
કારતક વદ ૧૪,
સોમવાર તા. ૨૫-૧૧-૨૦૧૯

**ડીપોઝીટ (રીફન્ડેબલ) રૂા. ૧૦૦૦/- ફોર્મ સાથે ભરવાના રહેશે. (૯૯ યાત્રા પૂર્ણ કરનારને છેલ્લે રીફન્ડ અપાશે.)**

### ફોર્મ આપવાનું સ્થળ

**અનંતનાથ જિનાલય (મસ્જિદ બંદર) - 23448274**
**આદિનાથ જિનાલય (ભાંડુપ) - 25951372**

**વિશેષ માહિતી માટે સંપર્ક :**

**શ્રી રામજી શામજી ધરોડ (રામાણીયા) - 9323191050**
**સંપર્ક : કુમાર બાબુભાઇ દંડ - 93226 80008**
**મનોજ દામજી લોડાયા - 98330 39980**

**નોંધ :** (૧) ફોર્મ લેવા - આપવા જતા પહેલા સેન્ટર ઉપર ફોન દ્વારા સમય અને એડ્રેસ જાણી લેવું. (૨) ભરેલ ફોર્મની ફોટો કોપી ૯૮૧૯૭૮૭૭૭૮ ઉપર વોટ્સઅપ પર મોકલવી. ત્યાર બાદ ઉપર મુજબ કોઇપણ સેન્ટરમાં રૂા. ૧૦૦૦/- સાથે ફોર્મ જમા કરાવવું. (૩) ફોર્મ પાસ થયેથી જાણ કરવામાં આવશે. (૪) તા. ૧૦-૦૪-૨૦૨૦ના મુંબઇ થી પાલીતાણા યાત્રિકોને લઇ જવાની વ્યવસ્થા આયોજકો તરફથી નિઃશુલ્ક કરાશે. છતાં પણ પોતની રીતે આવનારે પોતાના ખર્ચે આવવાનું રહેશે. રીર્ટનમાં લેવા વાલીઓએ પાલીતાણા પધારવું અને પોતાની બાલિકાઓને પોતાની રીતે - ખર્ચે લઇ જવાની રહેશે.

વધુ માહિતી માટે કચ્છી વિશા ઓશવાલ પત્રિકા જોઇ લેવા વિનંતી અને સંપર્ક સુત્રોનો સંપર્ક કરવા વિનંતી.



॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

## દલતુંગી મહાજન વાડીના વિવિધ ચડાવાના દાતા પરિવાર

### ❖ ભુમિ દાતા ❖

શ્રી ડાહ્યા ખેરાણી લાપસિયા પરિવાર

શ્રી રાયશી કાનજી લાપસિયા પરિવાર

માતુશ્રી પ્રેમાબાઇ ભવાનજી લધાભાઇ લોડાયા પરિવાર

માતુશ્રી સોનબાઇ રાયચંદ કરમશી લોડાયા પરિવાર

### ❖ સંકુલના દાતા ❖

માતુશ્રી સોનબાઇ જેઠાલાલ રાયશી લાપસિયા પરિવાર, દલતુંગી

### ❖ પહેલા માળાના દાતા ❖

માતુશ્રી સોનબાઇ જેઠાલાલ રાયશી લાપસિયા પરિવાર, દલતુંગી

### ❖ ભોજન કક્ષના દાતા ❖

માતુશ્રી વિજયાબેન મણીલાલ ત્રીકમજી ડાઘા પરિવાર, દલતુંગી

### ❖ જ્ઞાન ભંડારના દાતા ❖

માતુશ્રી દેવકાબેન ભાણજી મેઘજી લોડાયા પરિવાર, દલતુંગી

### ❖ રૂમ નંબર ૧૦૧ ના દાતા ❖

માતુશ્રી સોનબાઇ રાયચંદ કરમશી લોડાયા પરિવાર, દલતુંગી

### ❖ રૂમ નંબર ૧૦૨ ના દાતા ❖

શ્રી મહેન્દ્ર પુનશી ધરમશી ખોના પરિવાર, દલતુંગી

### ❖ રૂમ નંબર ૧૦૩ ના દાતા ❖

માતુશ્રી સોનબાઇ દામજી લખમશી માલદે પરિવાર, દલતુંગી

હસ્તે માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર, મોટી ખાવડી

### ❖ રૂમ નંબર ૧૦૪ ના દાતા ❖

માતુશ્રી કાન્તાબેન વેરશી દેવશી લોડાયા પરિવાર, દલતુંગી

### ❖ વિવિધ લક્ષી હૉલના દાતા ❖

માતુશ્રી નિરમલાબેન વિશનજી હીરજી દંડ પરિવાર, દલતુંગી

### ❖ ઑફિસના દાતા ❖

માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસિયા પરિવાર, દલતુંગી

### ❖ આયંબિલ રૂમના દાતા ❖

શ્રી લીલાધર ગાંગજી કાનજી લાપસિયા પરિવાર, દલતુંગી

### ❖ સ્ટોર રૂમના દાતા ❖

માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ધરમશી પરિવાર, રંગપુર

માતુશ્રી કંચનબેન (દિપાબેન) ગુલાબચંદ ત્રીકમજી નાગડા પરિવાર, રંગપુર

### ❖ રૂમ નંબર ૧૦૫ ના દાતા ❖

માતુશ્રી મણિબાઇ હિરજી નાયા માલદે પરિવાર, દલતુંગી

### ❖ રૂમ નંબર ૧૦૬ ના દાતા ❖

માતુશ્રી શાંતાબાઇ રતનશી શામજી લાપસિયા પરિવાર, દલતુંગી

હસ્તે શ્રી જવેરચંદ રતનશી લાપસિયા, જોધપુર-રાજસ્થાન

### ❖ રૂમ નંબર ૧૦૭ના દાતા ❖

માતુશ્રી વેજબાઇ કલ્યાણજી નરશી ધરમશી પરિવાર, સેવક ભરૂડિયા

માતુશ્રી મુરબાઇ છગનલાલ ખીમજી શિયાલ પરિવાર, દલતુંગી

### ❖ રૂમ નંબર ૧૦૮ના દાતા ❖

માતુશ્રી સોનબાઇ દામજી લખમશી માલદે પરિવાર, દલતુંગી

માતુશ્રી લક્ષ્મીબાઇ હીરજી લખમશી માલદે પરિવાર, દલતુંગી

### ❖ પાણીનો બોર, પાણીનો ટાંકો અને મીટર રૂમના દાતા ❖

શ્રી મહેન્દ્ર પુનશી ધરમશી ખોના પરિવાર, દલતુંગી

### ❖ ભોજન શાળાના ટેબલ અને ખુરશીના સેટના દાતા ❖

માતુશ્રી સોનબાઇ જેઠાલાલ રાયશી લાપસિયા પરિવાર, દલતુંગી (૧૬ સેટ)

શ્રી ક.દ.ઓ. દલતુંગી યુવા મિત્ર મંડળ, દલતુંગી-મુંબઇ (૧ સેટ)




॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

